# ઉજ્જીવન ફાઇ. IPO 28 એપ્રિલે મૂડીબજારમાં

અમદાવાદ: NBFC-માઇક્રોફાઇનાન્સ ઇન્સ્ટિટ્યુશન ગણાતી ઉજ્જીવન ફાઇનાન્સિયલ સર્વિસિસ તા. 28 એપ્રિલે મૂડીબજારમાં પ્રવેશી રહી છે. કંપનીનો શેરદીઠ રૂ. 207-210ની પ્રાઇસબેન્ડ ધરાવતા કુલ રૂ. 358 કરોડનો આઇપીઓ તા. 2જી મેએ બંધ થશે. 24 રાજ્યોમાં 470 શાખાઓ અને 8000 કર્મચારીઓનું નેટવર્ક ધરાવતી કંપની ઇશ્યૂ મારફત એકત્રિત ભંડોળમાંથી મૂડી જરૂરિયાતો સંતોષવા માટે કરશે. શેર્સ બીએસઇ અને એનએસઇ ખાતે લિસ્ટેડ કરાવવાની દરખાસ્ત ધરાવતી કંપની ડિસેમ્બર અંતની સ્થિતિ અનુસાર રૂ. 45.89 અબજની કુલ એયુએમ ધરાવતી હતી. 2005માં એનબીએફસી તરીકે કામગીરી શરૂ કરી હતી.